અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ખાતે

ક્રિમિનલ અપીલ નં. ૧૧૦૭/૨૦૦૯

વિથ

ક્રિમિનલ અપીલ નં. ૧૬૧૪/૨૦૦૯

મંજૂરી અને સહી માટે:

માનનીય ન્યાયમૂર્તિ શ્રી કે.એસ. ઝવેરી

અને

માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ.જી. ઉરેઝી

==========

૧	શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય?	
૨	રિપોર્ટરને મોકલવામાં આવે કે નહીં?	
૩	શું માનનીય ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે?	
૪	શું આ કેસમાં ભારતના બંધારણ, ૧૯૫૦ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઇ હુકમના અર્થઘટન અંગેનો કાયદાનો કોઇ મહત્વનો પ્રશ્ન સમાવિષ્ટ છે?	
૫	શું તેને સિવિલ જજને પરિપત્રિત કરવાનો છે?	

==========

પચાણ બાવાભાઇ સોલંકી અને ૧....અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય....સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ)

==========

ક્રિમિનલ અપીલ નં. ૧૧૦૭/૨૦૦૯ માં ઉપસ્થિતિ:

અપીલકર્તા(ઓ) નં. ૧ – ૨ તરફે સિનિયર વકીલ શ્રી યોગેશ લાખાણી સાથે વકીલ શ્રી પ્રવિણ ગોંડલિયા

સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં. ૧ તરફે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર શ્રી એચ.એલ. જાની

ક્રિમિનલ અપીલ નં. ૧૬૧૪/૨૦૦૯ માં ઉપસ્થિતિ:

અપીલકર્તા(ઓ) રાજ્ય તરફે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર શ્રી એચ.એલ. જાની

સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં. ૧–૨ તરફે વકીલ શ્રી પ્રતિક બારોટ

==========

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ શ્રી કે.એસ. ઝવેરી**

અને

માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ.જી. ઉરેઝી

તારીખ : ૦૮/૦૭/૨૦૧૪

સંયુક્ત મૌખિક ચુકાદો

(માનનીય ન્યાયમૂર્તિ શ્રી એ.જી. ઉરેઝી દ્વારા)

૧. આ બંને અપીલો વિદ્વાન એડિશનલ સેશન્સ જજ અને પ્રિસાઇડિંગ ઓફિસર, ફાસ્ટ ટ્રેક કોર્ટ નં. ૭, રાજકોટ દ્વારા સેશન્સ કેસ નં. ૧૦૯/૨૦૦૮ માં પસાર કરવામાં આવેલ તારીખ ૨૮.૦૫.૨૦૦૯ ના એક જ ચુકાદા વિરુદ્ધ નિર્દેશિત છે અને તેથી, આ સંયુક્ત ચુકાદાથી તેનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

૧.૧ મૂળ આરોપી નં. ૧ અને ૨ ને ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૧૪ સાથે વાંચતાં કલમો ૩૦૨ અને ૩૦૭ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠરાવવામાં આવ્યા હતા અને આજીવન કેદની સજા તથા રૂ. ૧૫,૦૦૦/– નો દંડ ભરવાની સજા કરવામાં આવી હતી, દંડ ભરવામાં કસૂર થયે, છ મહિનાની વધારાની સાદી કેદ ભોગવવાની સજા કરવામાં આવી હતી. બીજી તરફ મૂળ આરોપી નં. ૩ થી ૫ ને ઇન્ડિયન પીનલ કોડની કલમો ૩૦૨, ૩૦૭, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦બી અને ૧૮૮ હેઠળ તેમની સામે મૂકવામાં આવેલ તહોમતોમાંથી નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતા.

૧.૨ ઉક્ત દોષસિદ્ધિથી નારાજ થઇને, મૂળ આરોપી નં. ૧ અને ૨ એ ક્રિમિનલ અપીલ નં. ૧૧૦૭/૨૦૦૯ દાખલ કરેલ છે જ્યારે રાજ્યએ મૂળ આરોપી નં. ૩

થી ૫ ના નિર્દોષ છુટકારાને પડકારવા માટે ક્રિમિનલ અપીલ નં. ૧૬૧૪/૨૦૦૯ દાખલ કરેલ છે.

૨. અપીલકર્તાઓ વિરુદ્ધ ટ્રાયલ દરમિયાન જાહેર થયા મુજબ ફરિયાદપક્ષનો કેસ એવો હતો કે અપીલકર્તાઓ અગાઉના એક વિવાદના સંબંધમાં મરણજનાર – કાંતિભાઇ પોપટભાઇ ભીલ સામે દુશ્મનાવટ ધરાવતા હતા અને તેથી જ્યારે ઉક્ત મરણજનાર ઇજાગ્રસ્ત સાક્ષી રાણાભાઇ બીજલભાઇના વચ્છરાજ નગર, મફતિયાપરા, કોઠારિયા રોડ ખાતેના ઘરમાં સૂતા હતા ત્યારે, રાત્રિના આશરે ૧૨.૧૫ કલાકે તમામ આરોપી વ્યક્તિઓએ કાવતરાને આગળ વધારવામાં ગેરકાયદેસર મંડળી રચી હતી અને ઘાતક હથિયારોથી સજ્જ થઇને મરણજનાર પર હુમલો કર્યો હતો અને તેનું ખૂન કરવાના ઇરાદાથી માથા અને પગ પર ઇજાઓ પહોંચાડી હતી અને તે રીતે ગુનો કર્યો હતો. આ બનાવના સંબંધમાં ફરિયાદપક્ષના સાક્ષી – ૧૮ દેવાભાઇ બીજલભાઇ દ્વારા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ઇન્ડિયન પીનલ કોડની કલમો ૩૦૨, ૩૦૭, ૩૨૪, ૧૮૮ અને ૧૧૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ માટે આઇ–સી.આર. નં. ૩૫૦/૨૦૦૮ થી ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

૨.૧ ફરિયાદને અનુસરીને, તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ પછી, આરોપીઓ વિરુદ્ધ એકત્રિત કરવામાં આવેલ સામગ્રીના આધારે, તપાસ અધિકારીને આરોપીઓ વિરુદ્ધ પ્રથમદર્શી કેસ જણાયો હોવાથી, ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી અને કેસ સેશન્સ કોર્ટ દ્વારા ચલાવવાપાત્ર હોવાથી, તેને સેશન્સ કોર્ટને કમિટ કરવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે આરોપીઓ વિરુદ્ધ તહોમત ઘડ્યું હતું. આરોપીઓએ તહોમત અંગે પોતે ગુનેગાર નથી તેવી રજૂઆત કરી હતી અને ટ્રાયલ ચલાવવાની માંગણી કરી હતી.

૨.૨ આરોપી વ્યક્તિઓ વિરુદ્ધ ટ્રાયલ શરૂ કરવામાં આવી હતી અને ટ્રાયલ દરમિયાન ફરિયાદપક્ષે નીચેના સાક્ષીઓને તપાસ્યા હતા:

(૧) ફરિયાદપક્ષના સાક્ષી ૧ – બાબુભાઇ અરજણભાઇ આંક ૧૭
(૨) ફરિયાદપક્ષના સાક્ષી ૨ – દિગ્વિજયસિંહ ભાઇસિંહભાઇ આંક ૧૯
(૩) ફરિયાદપક્ષના સાક્ષી ૩ – યોગેશભાઇ ઠકરાલ આંક ૨૧
(૪) ફરિયાદપક્ષના સાક્ષી ૪ – સંજયગીરી રવજીગીરી આંક ૨૫
(૫) ફરિયાદપક્ષના સાક્ષી ૫ – ભરતભાઇ સતાસિયા આંક ૨૭
(૬) ફરિયાદપક્ષના સાક્ષી ૬ – નુરમોમદભાઇ કાસમભાઇ આંક ૨૯
(૭) ફરિયાદપક્ષના સાક્ષી ૭ – સકીલભાઇ યુસુફભાઇ આંક ૩૧
(૮) ફરિયાદપક્ષના સાક્ષી ૮ – મુસ્તાકભાઇ હનીભાઇ આંક ૩૨
(૯) ફરિયાદપક્ષના સાક્ષી ૯ – ઝાહિદભાઇ અબ્બુરભાઇ આંક ૩૪
(૧૦) ફરિયાદપક્ષના સાક્ષી ૧૦ – અરવિંદભાઇ ગાંડુભાઇ આંક ૩૬
(૧૧) ફરિયાદપક્ષના સાક્ષી ૧૧ – કમલેશગીરી સુરેશગીરી આંક ૪૦
(૧૨) ફરિયાદપક્ષના સાક્ષી ૧૨ – ડો. મહેસગભાઇ પાનસોરા આંક ૪૧

(૧૩) ફરિયાદપક્ષના સાક્ષી ૧૩ – રમણીકભાઇ વાછાણી આંક ૪૬
(૧૪) ફરિયાદપક્ષના સાક્ષી ૧૪ – ચેતનભાઇ ગણાત્રા આંક ૪૯
(૧૫) ફરિયાદપક્ષના સાક્ષી ૧૫ – ડો. પરેશ ગામારા આંક ૫૩
(૧૬) ફરિયાદપક્ષના સાક્ષી ૧૬ – રમેશભાઇ કાપડિયા આંક ૬૪
(૧૭) ફરિયાદપક્ષના સાક્ષી ૧૭ – લાલજીભાઇ લાખાભાઇ આંક ૬૫
(૧૮) ફરિયાદપક્ષના સાક્ષી ૧૮ – દેવાભાઇ બીજલભાઇ આંક ૬૬
(૧૯) ફરિયાદપક્ષના સાક્ષી ૧૯ – રાણાભાઇ બીજલભાઇ સોઢા આંક ૬૯
(૨૦) ફરિયાદપક્ષના સાક્ષી ૨૦ – કાળુભાઇ પોપટભાઇ આંક ૭૧
(૨૧) ફરિયાદપક્ષના સાક્ષી ૨૧ – ભરતભાઇ કરાવદરા આંક ૭૫
(૨૨) ફરિયાદપક્ષના સાક્ષી ૨૨ – પ્રદ્યુમનસિંહ પરમાર આંક ૧૧૪

૨.૩ ફરિયાદપક્ષે નીચેના દસ્તાવેજો પર પણ આધાર રાખ્યો હતો જે અમારા દ્વારા જોવામાં આવેલ છે:

(૧) ઇન્ક્વેસ્ટ પંચનામું આંક ૧૮
(૨) આરોપી નં. ૩ – ૫ નું અટક પંચનામું આંક ૨૦
(૩) આરોપી નં. ૧ અને ૨૫ નું અટક પંચનામું આંક ૨૬
(૪) મરણજનારના શરીર પરના કપડાંનું પંચનામું આંક ૨૮
(૫) ઇજાગ્રસ્તના કપડાંનું પંચનામું આંક ૩૦
(૬) પંચનામું આંક ૩૩
(૭) ડિસ્કવરી પંચનામું આંક ૩૫
(૮) સ્થાનિક સ્થળનું પંચનામું આંક ૩૭
(૯) પી.એમ. માટેની યાદી આંક ૪૨
(૧૦) પી.એમ. રિપોર્ટ આંક ૪૩
(૧૧) મૃત્યુનું કારણ આંક ૪૪
(૧૨) મેડિકલ ઓફિસર દ્વારા યાદી આંક ૪૫
(૧૩) ટી.આઇ. પરેડ પંચનામું આંક ૫૦

(૧૪) ટી.આઇ. પરેડ માટેની યાદી આંક ૫૧
(૧૫) યાદી આંક ૫૨
(૧૬) ઇજાગ્રસ્તનું મેડિકલ સર્ટિફિકેટ આંક ૫૪
(૧૭) મેડિકલ ઓફિસરને યાદી આંક ૫૬
(૧૮) મેડિકલ ઓફિસરને યાદી આંક ૫૭
(૧૯) મેડિકલ ઓફિસરને યાદી આંક ૫૮
(૨૦) મેડિકલ ઓફિસરને યાદી આંક ૫૯
(૨૧) મેડિકલ ઓફિસરને યાદી આંક ૬૦
(૨૨) મેડિકલ ઓફિસરને યાદી આંક ૬૧
(૨૩) મેડિકલ ઓફિસરને યાદી આંક ૬૨
(૨૪) ફરિયાદ નોંધવા માટેની યાદી આંક ૭૬
(૨૫) કલમ ૩૦૨ નો ઉમેરો આંક ૭૭
(૨૬) આઇ.પી. કોડનો ઉમેરો આંક ૭૮
(૨૭) ટી.આઇ. પરેડના સાક્ષીઓને યાદી આંક ૭૯
(૨૮) જે.એમ.એફ.સી. ને અરજી આંક ૮૦
(૨૯) જે.એમ.એફ.સી. દ્વારા હુકમ આંક ૮૧
(૩૦) મેડિકલ ઓફિસરને યાદી આંક ૮૨
(૩૧) એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલની પહોંચ આંક ૮૩
(૩૨) એફ.એસ.એલ. દ્વારા મુદ્દામાલની રવાનગી આંક ૮૪
(૩૩) સીલનો નમૂનો આંક ૮૫
(૩૪) ઓથોરિટી સર્ટિફિકેટ આંક ૮૬
(૩૫) મેડિકલ ઓફિસરને યાદી આંક ૮૭
(૩૬) જાહેરનામું આંક ૮૮
(૩૭) સ્ટેશન ડાયરીનો ઉતારો આંક ૮૯
(૩૮) સ્પ્લેન્ડરની આર.સી. બુક આંક ૯૦
(૩૯) ડિસ્કવરની આર.સી. બુક આંક ૯૧
(૪૦) મેડિકલ ઓફિસરને યાદી આંક ૯૨
(૪૧) કોલ ડિટેઇલ્સ માટેની યાદી આંક ૯૩
(૪૨) કોલ ડિટેઇલ્સ (પંચાણભાઇ) આંક ૯૪
(૪૩) કોલ ડિટેઇલ્સ (નાનજીભાઇ) આંક ૯૫

(૪૪) મેડિકલ ઓફિસરને યાદી આંક ૯૬
(૪૫) એફ.એસ.એલ. ઓફિસરને યાદી આંક ૯૭
(૪૬) એફ.એસ.એલ. દ્વારા સ્થળ પૃથક્કરણ રિપોર્ટ આંક ૯૮
(૪૭) અઘોઈ પોલીસ સ્ટેશન દ્વારા પત્ર આંક ૯૯
(૪૮) એફ.આઈ.આર. આંક ૧૦૦
(૪૯) ચાર્જશીટ આંક ૧૦૧
(૫૦) ટી.આઈ. પરેડનું પંચનામું આંક ૧૦૨
(૫૧) સેરોલોજીકલ રિપોર્ટ આંક ૧૦૩
(૫૨) સેરોલોજીકલ પૃથક્કરણ મોકલવા માટેનો પત્ર આંક ૧૦૪
(૫૩) સેરોલોજીકલ પૃથક્કરણ રિપોર્ટ આંક ૧૦૫
(૫૪) પી.એસ. ઓ દ્વારા પી.આઈ. ને પત્ર આંક ૧૦૬
(૫૫) પી.એસ. ઓ દ્વારા પી.આઈ. ને પત્ર આંક ૧૦૭

૨.૪ ટ્રાયલના અંતે અને સી.આર.પી.સી. ની કલમ ૩૧૩ હેઠળ આરોપીનું નિવેદન નોંધ્યા પછી, અને ફરિયાદપક્ષ તથા બચાવપક્ષ તરફે દલીલો સાંભળ્યા પછી, વિદ્વાન એડિશનલ સેશન્સ જજે ઉપર જણાવ્યા મુજબ મૂળ આરોપી નં. ૧ અને ૨ ને દોષિત ઠરાવ્યા હતા. નીચેની અદાલતે મૂળ આરોપી નં. ૩ થી ૫ ને નિર્દોષ છોડી મૂક્યા હતા. સેશન્સ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ ઉપરોક્ત ચુકાદા અને હુકમથી નારાજ અને અસંતુષ્ટ થઈને, મૂળ આરોપી નં. ૧ અને ૨ તેમજ રાજ્ય દ્વારા હાલની અપીલો દાખલ કરવામાં આવેલ છે.

૩. અમે આરોપી નં. ૧ અને ૨ તરફે વિદ્વાન વકીલ શ્રી પ્રવિણ ગોંડલિયા સાથે ઉપસ્થિત વિદ્વાન સિનિયર કાઉન્સેલ શ્રી યોગેશ લાખાણી, ગુજરાત રાજ્ય તરફે ઉપસ્થિત વિદ્વાન એ.પી.પી. શ્રી એચ.એલ. જાની અને આરોપી નં. ૩ થી ૫ તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી પ્રતિક બારોટને સાંભળ્યા છે.

૪. વિદ્વાન સિનિયર કાઉન્સેલ શ્રી યોગેશ લાખાણીએ એવી દલીલ કરી છે કે મરણજનારના પરિવાર અને અપીલકર્તાઓ વચ્ચેની દુશ્મનાવટ એક સ્વીકૃત હકીકત છે અને અગાઉના બે બનાવો બન્યા હતા જેના કારણે હાલનો બનાવ બન્યો છે અને તેથી તેમની રજૂઆત મુજબ, અપીલકર્તાઓને ખોટી રીતે સંડોવવાની શક્યતાને નકારી શકાય નહીં. તેમણે વધુમાં રજૂઆત કરી છે કે મરણજનાર કચ્છ જિલ્લાના આધોઈથી રાજકોટ આવ્યા હતા તે અપીલકર્તાઓ અગાઉથી જાણતા હતા તેવું દૂરથી પણ સૂચવતો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર નથી. આ રજૂઆતના સમર્થનમાં, શ્રી લાખાણીએ **સુનિલ કુંડુ અને અન્ય વિ. સ્ટેટ ઓફ ઝારખંડ વિથ હીરાલાલ યાદવ વિ. સ્ટેટ ઓફ ઝારખંડ વિથ નાગેશ્વર પ્રસાદ સાહ વિ. સ્ટેટ ઓફ ઝારખંડ, (૨૦૧૩) ૮ એસ.સી.સી. ૪૨૨ માં પ્રસિદ્ધ** કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખેલ છે

૪.૧ તેમની રજૂઆતને સમર્થન આપવા માટે, શ્રી લાખાણીએ વધુમાં દલીલ કરી છે કે બનાવના સંબંધમાં ટેલિફોનિક પ્રથમ માહિતી હેડ કોન્સ્ટેબલ પી.કે. મહેતા દ્વારા આંક ૧૧૦ થી એ મતલબની આપવામાં આવી હતી કે વિભાભાઇ કે જેઓ કાંતિભાઇ ભીલ અને રાણાભાઇને હોસ્પિટલમાં લાવ્યા હતા અને જાણ કરી હતી કે કેટલાક અજાણ્યા વ્યક્તિઓએ આ બે ઇજાગ્રસ્ત વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો અને અજાણ્યા હથિયારો વડે માથા પર ઇજાઓ પહોંચાડી હતી.

૪.૨ શ્રી લાખાણીએ એવી પણ ભારપૂર્વક દલીલ કરી હતી કે આંક ૧૧૦ માં તપાસને ગતિમાન કરવા માટે પૂરતી વિગતો સમાયેલી છે અને તેથી આંક ૧૧૦ ને એફ.આઇ.આર. તરીકે ગણવાને બદલે, પોલીસે દેવાભાઇ બીજલભાઇ દ્વારા આંક ૧૧૫ થી આપવામાં આવેલ ફરિયાદને એફ.આઇ.આર. તરીકે ગણેલ છે અને તેથી તેમની રજૂઆતો મુજબ, દેવાભાઇ દ્વારા આપવામાં આવેલ બીજી ફરિયાદ પાછળથી વિચારીને કરવામાં આવેલ અને ઉપજાવી કાઢેલ ફરિયાદ છે. તેમની રજૂઆતો મુજબ, એફ.આઇ.આર. મેજિસ્ટ્રેટને તાત્કાલિક મોકલવામાં વિલંબ થયેલ છે અને તેથી આંક ૧૧૫ અને એફ.આઇ.આર. માં સુધારા, અતિશયોક્તિ અને ઉપજાવટને નકારી શકાય નહીં. તેમની રજૂઆતોના સમર્થનમાં, શ્રી લાખાણીએ **બીર સિંઘ અને અન્યો વિ. ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ, એ.આઇ.આર. ૧૯૭૮ એસ.સી. ૫૯ માં પ્રસિદ્ધ, મરુદનાલ ઓગસ્ટી વિ. સ્ટેટ**

ઓફ કેરળ, (૧૯૮૦) ૪ એસ.સી.સી. ૪૨૫ માં પ્રસિદ્ધ અને સ્ટેટ ઓફ હરિયાણા અને અન્યો વિ. સી.એચ. ભજન લાલ અને અન્યો, એ.આઇ.આર. ૧૯૯૨ એસ.સી. ૬૦૪(૧) માં પ્રસિદ્ધ કેસોમાંના ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

૪.૩ શ્રી લાખાણીએ વધુમાં દલીલ કરી છે કે જે સ્વતંત્ર સાક્ષીઓ ગુનાના સ્થળે હાજર હતા અને જેમણે વાસ્તવિક બનાવ જોયો છે તેઓને તપાસવામાં આવ્યા નથી. તેમણે રજૂઆત કરી કે ઝાલુબેન તે રાણાભાઇ ની પત્ની, મુન્નો, હસના અને કુંવરબા પણ તે જ ફળિયામાં સૂતા હતા જ્યાં મરણજનાર અને ઇજાગ્રસ્ત રાણાભાઇ સૂતા હતા પરંતુ તેમ છતાં તપાસ અધિકારીએ તેમની રજૂઆતો નોંધવાનું પસંદ કર્યું નથી કે ન તો ટ્રાયલ દરમિયાન ફરિયાદપક્ષ દ્વારા તેમને તપાસવામાં આવ્યા છે. તેથી, તેમની રજૂઆત મુજબ, ફરિયાદપક્ષની સમગ્ર કહાણી શંકાસ્પદ જણાય છે અને આ કારણસર દોષિત અપીલકર્તાઓને શંકાનો લાભ આપવાની જરૂર છે.

૪.૪ શ્રી લાખાણીએ વધુમાં રજૂઆત કરી છે કે જોકે ફરિયાદપક્ષ દ્વારા દેવલભાઇને નજરે જોનાર સાક્ષી તરીકે રજૂ કરવામાં આવેલ છે, તેમ છતાં તેમના મૌખિક પુરાવા અને વર્તણૂકની નજીકથી ચકાસણી કરતાં સ્પષ્ટપણે જણાય છે કે

તેઓ નજરે જોનાર સાક્ષી નથી અને દોષિત આરોપીને ખોટી રીતે સંડોવવા માટે તેમને સાક્ષી તરીકે રજૂ કરવામાં આવેલ છે. તેમણે એવી પણ રજૂઆત કરી છે કે દેવાભાઇ અને અન્ય સાક્ષીઓના કપડાં પર લોહીના કોઇ ડાઘ મળી આવેલ નથી અને તેથી પણ તેઓ નજરે જોનાર સાક્ષીઓ હોવાની અને બનાવના સ્થળે તેમની હાજરીની કહાણી શંકાસ્પદ બને છે જેના કારણે તેમનો પુરાવો અગ્રાહ્ય અને અવિશ્વસનીય બને છે. આ સંબંધમાં, તેમણે **ખીમા વિકમશી અને અન્યો વિ. સ્ટેટ ઓફ ગુજરાત, (૨૦૦૩) ૯ એસ.સી.સી. ૪૨૦ માં પ્રસિદ્ધ** કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખેલ છે.

૪.૫ શ્રી લાખાણીની વૈકલ્પિક રજૂઆત એ છે કે અપીલકર્તાઓ વિરુદ્ધ ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૧૪ હેઠળ કોઇ તહોમત ઘડવામાં આવેલ નથી અને તેથી બંને દોષિત અપીલકર્તાઓને ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૧૪ ની મદદથી કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠરાવી શકાયા ન હોત. તેમણે દલીલ કરી કે ઇજા નં. ૧ માથાની ઇજા છે જ્યારે બાકીની ત્રણ ઇજાઓ પગ અને શરીરના અન્ય ભાગ પર છે જે એક ફ્રેક્ચર ઇજા સિવાય સાદી ઇજાઓ છે અને તેથી **વિજય સિંઘ અને અન્ય વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ, ૨૦૧૪(૨) ક્રાઇમ્સ ૩૦૪ (એસ.સી.) માં પ્રસિદ્ધ** કેસમાંના ચુકાદા પર આધાર રાખીને, તેમણે રજૂઆત કરી છે કે વધુમાં

વધુ અપીલકર્તાને લઘુતમ જવાબદારીના સિદ્ધાંત પર ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૨૬ હેઠળ દોષિત ઠરાવી શકાય.

૫. આરોપી નં. ૩ થી ૫ – ક્રિમિનલ અપીલ નં. ૧૬૧૪/૨૦૦૯ ના સામાવાળાઓ તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી પ્રતિક બારોટે રજૂઆત કરી છે કે વિદ્વાન ટ્રાયલ કોર્ટે સામાવાળાઓને યોગ્ય રીતે નિર્દોષ છોડી મૂકેલ છે. તેમણે રજૂઆત કરી કે કોઇપણ સાક્ષીએ સામાવાળાઓના નામોનો ઉલ્લેખ કર્યો નથી, બનાવમાં તેમણે ભજવેલ ભૂમિકાની તો વાત જ દૂર રહી. તેમણે રજૂઆત કરી કે તેથી મૂળ આરોપી નં. ૩ થી ૫ સંબંધે વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ નિર્દોષ છુટકારાના વાદગ્રસ્ત હુકમમાં દખલગીરી કરવાનું કોઇ વાજબીપણું નથી.

૬. બીજી તરફ, ગુજરાત રાજ્ય તરફે ઉપસ્થિત વિદ્વાન એ.પી.પી. શ્રી એચ.એલ. જાનીએ આરોપી નં. ૧ અને ૨ સંબંધે દોષિત ઠરાવતા વાદગ્રસ્ત ચુકાદા અને હુકમનું દ્રઢપણે સમર્થન કર્યું છે. તેમની રજૂઆત મુજબ, દેવાભાઇ (મૂળ ફરિયાદી) ની વર્તણૂક અને મૌખિક પુરાવો સંપૂર્ણપણે સ્વાભાવિક છે અને તેમના પુરાવા પર અવિશ્વાસ કરવાનું કોઇ કારણ નથી.

૬.૧ શ્રી જાનીએ વધુમાં રજૂઆત કરી કે જ્યાં સુધી સ્વતંત્ર સાક્ષીઓને ન તપાસવાનો સંબંધ છે, ત્યાં સુધી **રામાનંદ યાદવ વિ. પ્રભુ નાથ ઝા અને અન્યો, (૨૦૦૩) ૧૨ એસ.સી.સી. ૬૦૬ માં પ્રસિદ્ધ અને ઓંકાર અને અન્ય વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ, (૨૦૧૨) ૨ એસ.સી.સી. ૨૭૩ માં પ્રસિદ્ધ** કેસોમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ પર આધાર રાખીને શ્રી જાનીએ રજૂઆત કરી છે કે સ્વતંત્ર સાક્ષીઓને ન તપાસવાના સંબંધમાં તપાસ અધિકારીની ઉલટતપાસમાં આરોપી વ્યક્તિઓ તરફે કોઈ પાયો નાખવામાં આવેલ નથી અને તેથી હવે અપીલના તબક્કે ઉપરોક્ત ચુકાદાઓમાં સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતો મુજબ સ્વતંત્ર સાક્ષીઓને ન તપાસવાનો મુદ્દો ઉઠાવવાની મંજૂરી આપી શકાય નહીં.

૬.૨ જ્યાં સુધી એફ.આઇ.આર. મેજિસ્ટ્રેટને મોકલવામાં થયેલ વિલંબ અંગેની રજૂઆતનો સંબંધ છે, ત્યાં સુધી શ્રી જાનીએ **બ્રહ્મ સ્વરૂપ અને અન્ય વિ. સ્ટેટ ઓફ યુ.પી, એ.આઇ.આર. ૨૦૧૧ એસ.સી. ૨૮૦ માં પ્રસિદ્ધ** કેસમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખ્યો હતો જેમાં સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે આ સંબંધમાં તપાસ અધિકારીને ચોક્કસ પ્રશ્ન પૂછવો જરૂરી છે અને રેકર્ડ પર એ સ્થાપિત કરવું પડે છે કે એફ.આઇ.આર. તાત્કાલિક

મેજિસ્ટ્રેટને ન મોકલીને આરોપી વ્યક્તિઓને પૂર્વગ્રહ થયેલ છે અને આરોપી વ્યક્તિઓને ખોટી રીતે સંડોવવા માટે સુધારા કે ઉપજાવટ કરવામાં આવેલ છે.

૬.૩ શ્રી જાનીએ વધુમાં દલીલ કરી છે કે આંક ૧૧૦ એ વિભાભાઇ દ્વારા આપવામાં આવેલ માહિતીના આધારે સિવિલ હોસ્પિટલમાં ફરજ પર રહેલ હેડ કોન્સ્ટેબલ દ્વારા મોકલવામાં આવેલ વર્ધી છે. આ માહિતી ટેલિફોનિક માહિતી છે જેમાં માહિતી આપનારની સહી નથી અને તેથી તેને એફ.આઇ.આર. તરીકે ગણી શકાય નહીં. તેમણે **સુરજીત સરકાર વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ, ૨૦૧૩(૨) એસ.સી.સી. ૧૪૬ માં પ્રસિદ્ધ** કેસમાંના ચુકાદા પર આધાર રાખેલ છે. શ્રી જાનીએ રજૂઆત કરી કે ફરિયાદપક્ષે દોષિત અપીલકર્તાઓ વિરુદ્ધનો કેસ લેશમાત્ર શંકા વિના પુરવાર કરેલ છે અને તેથી વાદગ્રસ્ત ચુકાદા અને હુકમમાં કોઇ દખલગીરીની જરૂર નથી.

૬.૪ જ્યાં સુધી નિર્દોષ છુટકારા સામેની અપીલનો સંબંધ છે, ત્યાં સુધી શ્રી જાનીએ રજૂઆત કરી છે કે તમામ આરોપી વ્યક્તિઓ મરણજનારનું ખૂન કરવા માટે તેમના દ્વારા ઘડવામાં આવેલ કાવતરાને આગળ વધારવામાં એકસાથે આવ્યા હતા અને તેથી વિદ્વાન ટ્રાયલ કોર્ટે તેમને નિર્દોષ છોડી મૂકવામાં ભૂલ કરેલ છે.

૬.૫ જ્યાં સુધી મરણજનારના પરિવાર અને આરોપી વ્યક્તિઓના પરિવાર વચ્ચેની દુશ્મનાવટ અંગેની દલીલનો સંબંધ છે, ત્યાં સુધી અમારે તેમાં વધુ ઊંડા ઉતરવાની જરૂર નથી કારણ કે આ પાસું વધુ વિવાદમાં નથી. અમારે દોષિત અપીલકર્તાઓ તરફે ઉપસ્થિત વિદ્વાન કાઉન્સેલ શ્રી લાખાણીની દલીલો તપાસવાની છે કે આ દુશ્મનાવટને કારણે આરોપીને ખોટી રીતે સંડોવવાની શક્યતા સંભવિત છે કે નહીં. તે રેકર્ડ પરની બાબત છે કે બે બનાવો એટલે કે (૧) મરણજનાર દ્વારા આરોપી વ્યક્તિઓના પરિવારની એક છોકરીની છેડતી અને (૨) વર્ષ ૨૦૦૨ માં મરણજનાર દ્વારા આરોપીના પિતા – બાવાભાઇ પર હુમલો, અગાઉ બન્યા હતા જેના કારણે બંને પરિવારો વચ્ચે સ્વીકૃત રીતે કડવાશ હતી અને મરણજનારને એક સ્થળેથી બીજા સ્થળે જવું પડ્યું હતું અને છેવટે જ્યારે બનાવ બન્યો ત્યારે તેઓ આધોઇ ગામમાં રહેતા હતા.

૭. ફરિયાદપક્ષના સાક્ષી ૧૮ – દેવાભાઇ બીજલભાઇ કે જેઓ મૂળ ફરિયાદી છે, તેમણે તેમના મૌખિક પુરાવામાં જણાવ્યું છે કે શોરબકોર સાંભળીને જ્યારે તેઓ તેમના ભાઇ રાણાભાઇના ઘરે ગયા ત્યારે તેમણે ચાર વ્યક્તિઓને લાકડાના પાટિયા (ધોકા) અને ધારિયા વડે રાણાભાઇ અને કાંતિભાઇને મારતા જોયા હતા. તેમણે જણાવ્યું છે કે ચાર વ્યક્તિઓમાંથી, એક પંજાભાઇ – આરોપી

નં. ૧ હતો અને બીજો લીંબાભાઇ – આરોપી નં. ૨ હતો. તેઓ અન્ય બે વ્યક્તિઓને ઓળખી શક્યા ન હતા. આ સાક્ષીની સખત ઉલટતપાસ કરવામાં આવી છે પરંતુ જ્યાં સુધી આ ભાગનો સંબંધ છે, ત્યાં સુધી એવું જણાય છે કે તેઓ અડગ રહ્યા હતા અને તેમના કથનને વળગી રહ્યા હતા.

૭.૧ હવે જો વિદ્વાન કાઉન્સેલ શ્રી લાખાણીની એવી દલીલ કે બંને પરિવારો વચ્ચેની દુશ્મનાવટને કારણે અપીલકર્તાઓને હાલના ગુનામાં ખોટી રીતે સંડોવવામાં આવેલ છે, તેનો નિર્ણય કરવાનો હોય તો ટ્રાયલ કોર્ટ સમક્ષના તમામ આરોપી વ્યક્તિઓ સ્વાભાવિક હતા અને આ સાક્ષી તેમને ઓળખતા હતા પરંતુ તેમણે મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે તેઓ માત્ર બે વ્યક્તિઓ એટલે કે આરોપી નં. ૧ અને આરોપી નં. ૨ ને ઓળખી શક્યા હતા અને તેઓ બાકીના બે હુમલાખોરોને ઓળખી શક્યા ન હતા. તેથી આ દલીલમાં કોઇ તથ્ય નથી.

૭.૨ શ્રી લાખાણીની એવી દલીલ કે મૂળ ફરિયાદી દેવાભાઇને નજરે જોનાર સાક્ષી તરીકે રજૂ કરવામાં આવેલ છે જોકે ટ્રાયલ કોર્ટ સમક્ષના તેમના પુરાવા પરથી પૂરતું સ્પષ્ટ છે કે હકીકતમાં તેઓ નજરે જોનાર સાક્ષી નથી પરંતુ આરોપી વ્યક્તિઓને ખોટી રીતે સંડોવવાના હેતુથી તેમણે પોતાને નજરે જોનાર સાક્ષી તરીકે દર્શાવેલ છે અને ફરિયાદપક્ષે તેમને તે રીતે રજૂ કરેલ છે, તેના સંબંધમાં,

અમારે દેવાભાઇ બીજલભાઇના મૌખિક પુરાવાની નજીકથી ચકાસણી કરીને આ દલીલને ચકાસવાની છે. આ સાક્ષી ઇજાગ્રસ્ત સાક્ષી – રાણાભાઇ બીજલભાઇના સગા ભાઇ છે. તેમના મૌખિક પુરાવા પરથી ફલિત થાય છે કે તેઓ તેમના ભાઇના જ વિસ્તારમાં રહે છે. તેથી તેઓ કોલાહલ સાંભળીને રાણાભાઇના ઘરે ગયા હતા અને ચાર હુમલાખોરોને મરણજનાર અને તેમના ભાઇ પર હુમલો કરતા જોયા હતા. તેઓ તેમાંથી બે ને આરોપી નં. ૧ અને આરોપી નં. ૨ તરીકે ઓળખી શક્યા હતા પરંતુ બાકીના બે વ્યક્તિઓને ઓળખી શક્યા ન હતા. તેમને આવતા જોઇને ચારેય હુમલાખોરો બે મોટરસાયકલ પર નાસી ગયા હતા. ઉલટતપાસમાં તેમણે એવા સૂચનનો સ્પષ્ટપણે ઇન્કાર કર્યો છે કે તેઓ તેમના ભાઇની નજીકમાં રહેતા નથી. તેઓ વધુમાં ઉલટતપાસમાં જણાવે છે કે તેમણે હુમલાખોરોને ૫૦ ફૂટના અંતરેથી બે મોટરસાયકલ પર જતા જોયા હતા. શ્રી લાખાણીએ સાક્ષીના આ કથન પર ઘણો ભાર મૂક્યો છે કે તેમણે હુમલાખોરોને ૫૦ ફૂટના અંતરેથી ભાગી જતા જોયા હતા અને તેથી રાત્રિના અંધકારમાં, તેઓ હુમલાખોરોને જોઇ અને ઓળખી શક્યા ન હોત. આ દલીલ પણ અમને પ્રભાવિત કરતી નથી. તે એક સ્વીકૃત હકીકત છે કે ફરિયાદીનો પરિવાર અને આરોપીનો પરિવાર એકબીજાને ઓળખે છે અને તેથી આ સાક્ષી દ્વારા આરોપી વ્યક્તિઓની ઓળખ અસંભવિત નથી. બચાવપક્ષનો એવો કેસ નથી કે ઘોર અંધારું હતું અને બિલકુલ પ્રકાશ ન હતો અને તેથી આ સાક્ષી આરોપી વ્યક્તિઓને ઓળખી શક્યા ન હોત. અમે શ્રી લાખાણીની એવી રજૂઆતો સાથે સંમત થવા અસમર્થ

છીએ કે ફરિયાદપક્ષના સાક્ષી ૧૮ – દેવાભાઇ નજરે જોનાર સાક્ષી નથી અને તેમણે મરણજનાર અને ઇજાગ્રસ્ત પર હુમલાનો વાસ્તવિક બનાવ જોયો નથી.

૮. જ્યાં સુધી આંક ૧૧૦ વર્ધી એફ.આઇ.આર. હોવા અને આંક ૧૧૫ કે જે દેવાભાઇ દ્વારા આપવામાં આવેલ ફરિયાદ છે તે ન હોવા સંબંધે શ્રી લાખાણીની રજૂઆતનો સંબંધ છે, ત્યાં સુધી રજૂઆત એવી છે કે આંક ૧૧૦ દર્શાવે છે કે માહિતી વિભાભાઇ દ્વારા આપવામાં આવી હતી કે જેઓ ઇજાગ્રસ્ત વ્યક્તિઓ સાથે હોસ્પિટલમાં આવ્યા હતા અને તેમણે હેડ કોન્સ્ટેબલ પી.કે. મહેતાને જાણ કરી હતી કે કાંતિભાઇ અને રાણાભાઇ પર અજાણ્યા વ્યક્તિઓ દ્વારા અજાણ્યા હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ માહિતી તપાસ તંત્રને કાર્યરત કરવા માટે પૂરતી છે અને હકીકતમાં આ વર્ધીના આધારે તપાસ એ.એસ.આઇ. જે.કે બારોટને સોંપવામાં આવી હતી અને તેથી આ માહિતી ગુનો કરવામાં આવ્યા અંગે પૂરતી માહિતી દર્શાવતી હોવાથી, આંક ૧૧૫ ને એફ.આઇ.આર. તરીકે ગણી શકાયું ન હોત. હવે જો અમે આંક ૧૧૦ વર્ધીનું અવલોકન કરીએ તો એવું ફલિત થાય છે કે સંબંધિત પોલીસ સ્ટેશનને માહિતી સવારના આશરે ૦૧.૫૫ કલાકે મોકલવામાં આવી હતી જોકે આ વર્ધીમાં સમયનો ઉલ્લેખ નથી. વિભભાઇ ભીલ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે કાંતિભાઇ અને રાણાભાઇ પર અજાણ્યા વ્યક્તિઓ દ્વારા અજાણ્યા હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો.

આ માહિતી તપાસ તંત્રને ગતિમાન કરવા માટે પૂરતી છે કે કેમ તે વિચારણીય પ્રશ્ન છે.

૮.૧ હકીકત એ રહે છે કે વિભાભાઇ ભીલ બનાવના નજરે જોનાર સાક્ષી નથી અને સ્વાભાવિક રીતે તેમણે જોયું ન હતું કે હુમલાખોરો કોણ હતા અને તેથી તેમણે યોગ્ય રીતે હુમલાખોરોના નામો અને તેમના દ્વારા વાપરવામાં આવેલ હથિયારો જણાવ્યા નથી. જ્યારે મરણજનાર કાંતિભાઇ ભીલ અને ઇજાગ્રસ્ત રાણાભાઇ બીજલભાઇને ઇજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, ત્યારે કાંતિભાઇ તારીખ ૧૮.૦૬.૨૦૦૮ ના રોજ સવારના આશરે ૦૪.૦૦ કલાકે સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા અને તેથી દેવાભાઇ દ્વારા આંક ૧૧૫ થી વિગતવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી જેમાં બનાવની વિગતો, હુમલાખોરોના નામો અને ગુનો કરવામાં વાપરવામાં આવેલ હથિયારો જાહેર કરવામાં આવેલ છે અને તેથી હકીકતમાં પોલીસને આપવામાં આવેલ આ વિગતવાર માહિતીના આધારે તપાસ તંત્રને ગતિમાન કરવામાં આવ્યું હતું તેમ કહી શકાય.

૯. આ સંબંધમાં સુરજીત સરકાર (ઉપર મુજબ) ના કેસમાં વિષયવસ્તુ પર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાંથી પસાર થવું ખૂબ જ સુસંગત રહેશે અને તેમાંના સંબંધિત ફકરાઓ નીચે ઉદ્ધૃત કરવામાં આવેલ છે:

> "૩૩. જ્યાં સુધી પ્રથમ દલીલનો સંબંધ છે કે ટેલિફોન કોલને એફ.આઇ.આર. તરીકે ગણાવો જોઇએ અને ફરિયાદપક્ષના સાક્ષી–૧ સુશાંત સરકાર દ્વારા કરવામાં આવેલ ફરિયાદને નહીં, ત્યાં સુધી અમને રજૂઆતમાં કોઇ તથ્ય જણાતું નથી. સી.આર.પી.સી. ની કલમ ૧૫૪ (૧) કે જે અમારા હેતુ માટે સુસંગત છે તે નીચે મુજબ છે :–
>
> > ૧૫૪. પોલીસ અધિકાર હેઠળના કેસોમાં માહિતી.
> > ૧) પોલીસ અધિકાર હેઠળના ગુનો કરવામાં આવ્યા અંગેની દરેક માહિતી, જો પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને મૌખિક રીતે આપવામાં આવી હોય, તો તેમના દ્વારા અથવા તેમની સૂચના હેઠળ લેખિતમાં ઉતારવામાં આવશે, અને માહિતી આપનારને વાંચી સંભળાવવામાં આવશે; અને આવી દરેક માહિતી, પછી ભલે તે લેખિતમાં આપવામાં આવી હોય અથવા ઉપર મુજબ લેખિતમાં ઉતારવામાં આવી હોય, તેના પર તે આપનાર વ્યક્તિ દ્વારા સહી કરવામાં આવશે, અને તેનો સાર આવા અધિકારી દ્વારા રાખવામાં આવનાર પુસ્તકમાં રાજ્ય સરકાર આ અંગે નિયત કરે તેવા સ્વરૂપમાં દાખલ કરવામાં આવશે.
>
> ૩૪. આ કલમનું સાદું વાંચન સ્પષ્ટ કરે છે કે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી દ્વારા આપવામાં આવેલ મૌખિક માહિતીને એફ.આઇ.આર. તરીકે ગણી શકાય તેમ છતાં, કેટલીક પ્રક્રિયાગત ઔપચારિકતાઓ પૂર્ણ કરવી જરૂરી છે. તેમાં માહિતીને લેખિતમાં ઉતારવાનો અને તે માહિતી આપનારને વાંચી સંભળાવવાનો અને લખાયેલ માહિતી પર તેની અથવા તેણીની સહી મેળવવાનો સમાવેશ થાય છે. અજાણી વ્યક્તિ પાસેથી મળેલ ટેલિફોનિક વાતચીતના કિસ્સામાં, તે માહિતી અનામી માહિતી આપનારને વાંચી સંભળાવવાનો પ્રશ્ન ઉદ્‌ભવતો નથી કે ન તો નોંધ્યા મુજબની માહિતી પર સહી કરાવવાનો પ્રશ્ન ઉદ્‌ભવે છે.

૩૬. રામસિંગ બાવાજી જાડેજા માં, આ કોર્ટે તપિન્દર સિંઘ અને સોમા ભાઈ અને ધનંજોય ચેટરજી વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ, (૧૯૯૪) ૨ એસ.સી.સી. ૨૨૦ પર આધાર રાખીને ઠરાવ્યું હતું કે ટેલિફોન પર આપવામાં આવેલ અસ્પષ્ટ સંદેશાને માત્ર એટલા માટે એફ.આઈ.આર. તરીકે ગણી શકાય નહીં કારણ કે તે માહિતી સમયની દ્રષ્ટિએ પ્રથમ હતી અને પોલીસ સ્ટેશનની દૈનિક ડાયરીમાં નોંધવામાં આવી હતી. એવું પણ ઠરાવવામાં આવ્યું હતું કે ટેલિફોનિક સંદેશાનો ઉદ્દેશ અને હેતુ પ્રથમ માહિતી અહેવાલ નોંધાવવાનો નથી પરંતુ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને બનાવના સ્થળે પહોંચવા માટેની વિનંતી છે.

૩૭. આ મત મુન્દ્રિકા મહતો વિ. સ્ટેટ ઓફ બિહાર, (૨૦૦૨) ૯ એસ.સી.સી. ૧૮૩, સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ વિ. વી.વી. પાંડુરંગ રાવ, (૨૦૦૯) ૧૫ એસ.સી.સી. ૨૧૧ અને સિદ્ધાર્થ વશિષ્ઠ વિ. સ્ટેટ (એન.સી.ટી. ઓફ દિલ્હી), (૨૦૧૦) ૬ એસ.સી.સી. ૧ માં પુનરોચ્ચારિત કરવામાં આવ્યો હતો. આ તમામ કેસોમાં આ કોર્ટ દ્વારા સતત લેવામાં આવેલ મતથી અલગ મત લેવાનું અમને કોઇ કારણ દેખાતું નથી. અમે માત્ર એટલું ઉમેરી શકીએ કે વિષય પરનો કાયદો સુસ્થાપિત હોવા છતાં, આવી દલીલ ફરી એકવાર ઉઠાવવામાં આવી છે તે ખેદની બાબત છે."

૯.૧ સુરજીત સરકાર (ઉપર મુજબ) ના કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંત હાલના કેસની હકીકતોને સંપૂર્ણપણે લાગુ પડે છે અને તેથી આંક ૧૧૫ ને યોગ્ય રીતે એફ.આઈ.આર. તરીકે ગણવામાં આવેલ છે.

૧૦. શ્રી લાખાણીની આગળની રજૂઆત એ છે કે સ્વતંત્ર સાક્ષીઓ એટલે કે જાલુબેન તે રાણાભિયા. ની પત્ની, મુન્નો, હંસા અને કુંવરબા કે જેમની બનાવના સ્થળે હાજરી સ્વાભાવિક હતી તેઓને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવ્યા નથી અને આ સાક્ષીઓને ઈરાદાપૂર્વક તપાસવામાં આવ્યા નથી, સાચી કહાણી છુપાવવા માટે તેમને રોકી રાખવામાં આવ્યા હતા અને તેથી ફરિયાદપક્ષનો કેસ શંકાસ્પદ બને છે.

૧૦.૧ એ સાચું છે કે જ્યારે કથિત બનાવ બન્યો ત્યારે આ સાક્ષીઓ હાજર હતા પરંતુ તે કાયદાનો સુસ્થાપિત સિદ્ધાંત છે કે ફરિયાદપક્ષના કેસને તપાસતી વખતે પુરાવાની ગુણવત્તા જ ધ્યાને લેવાની હોય છે અને પુરાવાની સંખ્યા નહીં. ફરિયાદપક્ષ તરફે, મૂળ ફરિયાદી દેવાભાઇ અને ઇજાગ્રસ્ત સાક્ષી રાણાભાઇને તપાસવામાં આવ્યા છે. આ બંને સાક્ષીઓએ બનેલ બનાવનું આબેહૂબ વર્ણન આપેલ છે. જ્યારે આ બે સાક્ષીઓ, જે પૈકી એક ઇજાગ્રસ્ત સાક્ષી છે, તેમનો પુરાવો કોર્ટમાં વિશ્વાસ જગાડે છે અને પુરાવો અડગ અને સ્વાભાવિક જણાય છે ત્યારે સ્વતંત્ર સાક્ષીઓને તપાસીને કોર્ટ પર બોજો નાખવાની ફરિયાદપક્ષ તરફે જરૂર ન હતી. વધુમાં, જે સાક્ષીઓને ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવ્યા નથી તેઓ ઇજાગ્રસ્ત સાક્ષીની પત્ની, તેમનો પુત્ર અને બે પુત્રીઓ હોવાથી સંબંધિત અને હિત ધરાવતા સાક્ષીઓ હતા. જો તેમને તપાસવામાં આવ્યા હોત તો પણ

સંભવતઃ તેમને હિત ધરાવતા સાક્ષીઓ તરીકે ગણવામાં આવ્યા હોત અને તેમણે દેવાભાઇ અને રાણાભાઇ દ્વારા જુબાની આપવામાં આવી છે તે જ દિશામાં જુબાની આપી હોત. જ્યાં સુધી વિભાભાઇ, ધનાભાઇ, નેવુબેનને ન તપાસવાનો સંબંધ છે, ત્યાં સુધી દેવાભાઇ – ફરિયાદપક્ષના સાક્ષી ૧૮ ના પુરાવા પરથી સ્પષ્ટ છે કે આ સાક્ષીઓ હુમલાના બનાવ પછી સ્થળ પર આવ્યા હતા અને તેથી આ સાક્ષીઓને તપાસવાથી કોઇ હેતુ સર્યો ન હોત. વધુમાં, વિદ્વાન એ.પી.પી. શ્રી જાનીએ રામાનંદ યાદવ (ઉપર મુજબ) અને ઓંકાર અને અન્ય (ઉપર મુજબ) ના કેસોમાં સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખીને યોગ્ય રીતે દલીલ કરી છે. રામાનંદ યાદવ (ઉપર મુજબ) ના કેસમાં સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ અવલોકન કરેલ છે:

> "૧૫. જ્યાં સુધી લંબોદર અને અન્ય બે ને ન તપાસવાનો સંબંધ છે ત્યાં સુધી રેકર્ડ પરના પુરાવા દ્વારા સ્થાપિત થાય છે કે ગામ જૂથવાદથી ગ્રસ્ત હતું. કેટલાક કેસોમાં વ્યક્તિઓ આવીને સાક્ષી તરીકે જુબાની આપવાનું પસંદ ન કરે અને અન્ય કેટલાક કેસોમાં ફરિયાદપક્ષ એવી છાપ ધરાવી શકે કે તેમનો પુરાવો તેને મદદરૂપ થશે નહીં કારણ કે જ્યાં સુધી પક્ષકારો પૈકી એકનો સંબંધ છે ત્યાં સુધી પક્ષપાતી અભિગમની સંભાવના છે. આવા કેસમાં માત્ર ન તપાસવાથી ફરિયાદપક્ષના કથનને અસર થશે નહીં. પરંતુ તે જ સમયે જો સંબંધીઓ અથવા હિત ધરાવતા સાક્ષીઓને તપાસવામાં આવે, તો કોર્ટની ફરજ છે કે તે પુરાવાનું વધુ ઊંડી ચકાસણી સાથે વિશ્લેષણ કરે અને પછી એ નિષ્કર્ષ પર આવે કે તેમાં સત્યનો રણકાર છે કે પછી પુરાવો પક્ષપાતી હતો તેમ ઠરાવવા માટે કારણ છે. જ્યારે પણ એવો બચાવ લેવામાં આવે કે સાક્ષી પક્ષપાતી છે અથવા આરોપી પ્રત્યે કોઇ દ્વેષભાવ ધરાવતો હતો ત્યારે તે માટે પાયો નાખવો પડે છે. જો સામગ્રી દર્શાવે કે પક્ષપાતી અભિગમ છે,

તો ઉપર દર્શાવ્યા મુજબ કોર્ટે પુરાવાનું કાળજી અને સાવચેતીપૂર્વક વિશ્લેષણ કરવું પડે છે. વધુમાં, આરોપી વ્યક્તિઓ પાસે છોડી દેવાયેલ વ્યક્તિઓને બચાવપક્ષના સાક્ષીઓ તરીકે તપાસવાનો વિકલ્પ હંમેશા હોય છે."

૧૦.૨ તે જ રીતે, ઓંકાર (ઉપર મુજબ) ના કેસમાં સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ઠરાવેલ છે:

> "૧૮. તે એક સુસ્થાપિત કાનૂની સિદ્ધાંત છે કે આપેલ કેસમાં દોષિત/આરોપી અંગે નિષ્કર્ષ પર આવતા પહેલા નજીકના સંબંધી સાક્ષીઓના પુરાવાની કાળજીપૂર્વક ચકાસણી અને મૂલવણી કરવી જરૂરી છે. જો પુરાવામાં સત્યનો રણકાર હોય, તે સુસંગત, વિશ્વસનીય અને ભરોસાપાત્ર હોય તો તેના પર આધાર રાખી શકાય. (જુઓ: હિમાંશુ વિ. સ્ટેટ (એન.સી.ટી. ઓફ દિલ્હી), (૨૦૧૧) ૨ એસ.સી.સી. ૩૬; અને રણજીત સિંઘ અને અન્યો વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ, (૨૦૧૧) ૪ એસ.સી.સી. ૩૩૬). રેકર્ડ પર એવું દર્શાવવા માટે કંઈ નથી કે તપાસ અધિકારી (ફરિયાદપક્ષના સાક્ષી ૬) ની ઉલટતપાસ સમયે, કોઈપણ આરોપીએ તેમને એવો પ્રશ્ન પૂછ્યો હોય કે અન્ય સાક્ષીઓને શા માટે તપાસવામાં આવ્યા નથી."

૧૦.૩ ટ્રાયલ દરમિયાન, બનાવના સમયે હાજર રહેલ સાક્ષીઓના નિવેદનો ન નોંધવા માટે અને ટ્રાયલ દરમિયાન તેમને ન તપાસવા માટે તપાસ અધિકારીને પ્રશ્નો પૂછીને અપીલકર્તાઓ તરફે કોઈ પાયો નાખવામાં આવેલ નથી. તેથી, પણ હવે સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવ્યા મુજબ ટ્રાયલ દરમિયાન યોગ્ય પાયો નાખ્યા

વિના અપીલકર્તાઓને અપીલના તબક્કે આ મુદ્દો ઉઠાવવાની મંજૂરી આપી શકાય નહીં.

૧૦.૪ તે પણ કાયદાનો સુસ્થાપિત સિદ્ધાંત છે કે જ્યાં બનાવનો સાક્ષી પોતે બનાવમાં ઈજાગ્રસ્ત થયેલ હોય, ત્યાં આવા સાક્ષીની જુબાનીને સામાન્ય રીતે ખૂબ જ વિશ્વસનીય ગણવામાં આવે છે કારણ કે તે એવો સાક્ષી છે જે ગુનાના સ્થળે તેની હાજરીની આંતરિક ખાતરી સાથે આવે છે અને કોઈને ખોટી રીતે સંડોવવા માટે તેના વાસ્તવિક હુમલાખોર/રોને જતા કરે તેવી શક્યતા નથી.

૧૧. શ્રી લાખાણીની એવી દલીલ કે અપીલકર્તાઓને તે સંબંધમાં તહોમત વિના ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૧૪ સાથે વાંચતાં કલમો ૩૦૨ અને ૩૯૭ માટે દોષિત ઠરાવી શકાયા ન હોત, તેના સંબંધમાં, આંક ૯ પરના તહોમત પરથી એવું જણાય છે કે આરોપી વ્યક્તિઓ સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦બી અને ૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે ટ્રાયલ ચલાવવામાં આવી હતી. ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૧૪ તહોમતમાં ન હતી પરંતુ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવો સંપૂર્ણપણે સ્પષ્ટ કરે છે કે ચાર વ્યક્તિઓ મરણજનાર કાંતિભાઈનો કાંટો કાઢી નાખવા માટે તેમના દ્વારા ઘડવામાં આવેલ કાવતરાને આગળ વધારવામાં આવ્યા

હતા અને કાવતરાને આગળ વધારવામાં ગુનો કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે **પાલ સિંઘ અને અન્ય વિ. સ્ટેટ ઓફ પંજાબ, ૨૦૧૪(૩) સ્કેલ ૩૬ માં પ્રસિદ્ધ** કેસમાં ફકરા ૧૫ માં નીચે મુજબ અવલોકન કરેલ છે:

